# નવી અનુદાન નિતી

## —: બિન સરકારી માધ્યમિક શાળાઓને અનુદાન સહાય :—

(ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક બમશ – ૧૧૮૭ – ૨૮૭૯ – ૫૧ – ગ તા. ૧૭–૭–૯૦ અન્વયે તથા ઠરાવ ક્રમાંક : બમશ – ૧૧૯૧ – ૨૫૭ – ગ – તા. ૨૦–૨૯૧ ઠરાવ ક્રમાંક ! બમશ – ૧૧૮૭ – ૨૧૭૪ – ગ – તા. ૧૭–૭–૯૨, ઠરાવ ક્રમાંક : બમશ–૧૦૯૨–મ–૧૨૫–ગ–તા. ૯–૧૨–૯૨, ઉ. શિ. ક. પત્ર ક્રમાંક : અનદ–૨–બમશ –ધ–૮–તા. ૧૦–૮–૯૩ ની સ્પષ્ટતા મુજબ)

સંદર્ભ :–

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૯–૯–૭૭ નો ઠરાવ ક્રમાંક : જીએસી–૧૦૭૭–૩૪૦૬૭–ગ
૨. શિક્ષણ વિભાગનો તા. ૧૦–૧૧–૭૮ નો ઠરાવ ક્રમાંક : જીએસી–૧૦૭૭–૪૯૧૭૭–ગ
૩. શિક્ષણ વિભાગનો તા. ૯ – ૫ – ૮૦ નો ઠરાવ ક્રમાંક : જીએસી–૧૦૭૭–૨૮૨૬૨–ગ
૪. શિક્ષણ વિભાગનો તા. ૨૯–૩–૮૬ નો ઠરાવ ક્રમાંક : જીએસી–૧૦૭૭–૬૬૮૦૨-ગ
૫. શિક્ષણ વિભાગનો તા. ૧૪–૮–૮૭ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૮૭–૨૧૭૪ – ગ
૬. શિક્ષણ વિભાગનો તા ૨૧–૧૧–૮૭ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૮૭–૨૮૭૯ – ગ
૭. શિક્ષણ વિભાગનો તા. ૨૪–૧૦–૮૯ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૮૭–૨૧૭૪ – ગ

### : ઠરાવ :

જુન–૧૯૮૭ માં ચોથા પગાર પંચ મુજબ બિન સરકારી માધ્યમિક શાળાઓનાં શિક્ષકો તથા સ્ટાફના પગારધોરણોમાં તા. ૧–૧–૮૬ થી સુધારો કરવામાં આવતા શાળાઓના પગારબીલની રકમમાં મોટો વધારો થવાનું જણાતા ઇત્તર ખર્ચ તથા મકાનભાડાની ગ્રાન્ટ જે ટકાવારી પ્રમાણે અપાય છે તેમાં મોટી રકમનો વધારો ચુકવવાનો થતાં રાજ્યની તિજોરી ઉપર મોટો નાણાંકીય બોજ પડવાનો સંભવ હતો, તેથી આ વિભાગના તા. ૧૪–૮-૮૭ ના ઠરાવથી ૮૬–૮૭ ના વર્ષમાં ઉત્તર ખર્ચ તથા મકાનભાડાની ગ્રાન્ટ પેટે જેટલી રકમ ચુકવવામાં આવી હોય તેટલી રકમ ગ્રાન્ટ પેટે બીજા હુકમો ન થાય ત્યાં સુધી ચુકવવાનું ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યુ હતુ ત્યારબાદ બિન સરકારી માધ્યમિક શાળાઓને અપાતી ઇત્તર ખર્ચની તથા મકાનભાડાની અનુદાન સહાય અંગે સમીક્ષા કરવાની સમિતિની રચના આમુખ–૬ માં દર્શાવેલ તા. ૨૧–૧૧–૮૭ ના ઠરાવથી કરવામાં આવી હતી. આ સમિતિનો આખરી અહેવાલ આવે તે દરમ્યાન નિભાવ અનુદાન સહાય અને મકાનભાડાની અનુદાન સહાયમાં વર્ગ વધારાને કારણે વધનાર શિક્ષકની સંખ્યાને લક્ષમાં રાખીને વચગાળાની રાહત આપતો સુધારો કરતા હુકમો આમુખ–૭ માં દર્શાવેલ તા. ૨૪–૧૦–૮૯ ના ઠરાવથી કરવામાં આવ્યા હતા. આમુખમાં દર્શાવેલ ઠરાવોથી નકકી કરવામાં આવેલ ઇત્તર ખર્ચ અને મકાન નિભાવણી અનુદાન સહાય ધોરણમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. ઉકત સમિતિની ભલામણોને વિચારણામાં લઇ પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક શાળાઓને ઇત્તર શૈક્ષણિક ખર્ચ અને મકાનભાડા અનુદાન સહાયનું ધોરણ નીચે મુજબ રાખવા સરકાર આથી ઠરાવે છે.

## (ક) ઇત્તર શૈક્ષણિક ખર્ચની ગ્રાન્ટ :-

૧. બિન સરકારી માધ્યમિક શાળાઓને ઇત્તર શૈક્ષણિક ખર્ચ અનુદાન સહાય નીચેના ધોરણે આપવામાં આવશે.

| પ્રકાર | માન્ય પગાર ખર્ચના |
|---|---|
| (અ) ૧૫૦ કે તેથી ઓછી વિદ્યાર્થી સંખ્યાવાળી નવી બિન સરકારી માધ્યમિક શાળાઓને શાળા શરૂ થયાના વર્ષ સહિત પ્રથમ પાંચ વર્ષ સુધી | ૧૫ % |
| (અ-૧) ૧૫૦ કે તેથી ઓછી વિદ્યાર્થી સંખ્યાવાળી નવી બિન સરકારી માધ્યમિક શાળાઓને છઠ્ઠા વર્ષથી ૧૦ વર્ષ સુધી | ૧૨ % |
| (બ) ૧૫૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યાવાળી બિન સરકારી માધ્યમિક શાળાઓને શરૂઆતના વર્ષથી દસ વર્ષ સુધી | ૧૨ % |
| (ક) ૧૦ વર્ષ કરતાં વધુ વર્ષ પુરા કરેલ શાળાઓને | ૧૦ % |

૨. આ સાથે જોડેલા પરિશિષ્ટ–ક અને પરિશિષ્ટ–ખ માં જણાવેલી બાબતો અંગેનો ખર્ચ અનુદાન સહાયના હેતુઓ માટે સ્વીકાર્ય ગણવામાં આવશે.

૩. માન્ય પગાર ખર્ચ એટલે મૂળ પગાર વત્તા મોંઘવારી ભથ્થુ ગણવાનું રહેશે.

## (ખ) મકાન ભાડા અનુદાન સહાય :-

૧. **ભાડાના મકાનમાં બેસતી શાળાઓ :-** શાળાએ ખરેખર ચુકવેલ ભાડુ (શાળા ભોગવતી હોય તેવા કરવેરા સહિત), કાર્યપાલક ઈજનેર પાસેથી મેળવેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ ભાડુ અને પગારબીલ (પગાર + મોંઘવારી ભથ્થા) ના ૧૦ % તે ત્રણ પૈકી જે ઓછું હોય તે રકમ અનુદાનને પાત્ર રહેશે. અન્ય ટ્રસ્ટના મકાન ભાડે રાખેલ હોય તો તે પણ ભાડાના મકાનના ધોરણે અનુદાન સહાયને પાત્ર ઠરશે

૨. **સંસ્થાની માલિકીના મકાનમાં બેસતી શાળાઓ :-** મકાન બાંધકામ ખર્ચ (જમીન અને રમત-ગમતના મેદાનની કિંમત સાથે) ની કિંમતના ૫ % સુધી અથવા કાર્યપાલક ઈજનેરે પ્રમાણિત કરેલુ ભાડુ (શાળા ભોગવતી હોય તેવા કરવેરા સહિત) આ બેમાંથી જે ઓછું હોય તેટલી રકમ અનુદાન સહાય પેટે માન્ય રહેશે.

૩. **અન્ય ટ્રસ્ટના જુના મકાનમાં ભાડે બેસતી શાળાઓ :-** ૧૯૫૦ પહેલા બંધાયેલ અન્ય ટ્રસ્ટના મકાનમાં ભાડે બેસતી શાળાઓને ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરીથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કર ગણતરી માટે આકારવામાં આવેલ ભાડાની રકમ જેટલી મકાનભાડાની રકમ અનુદાન સહાય તરીકે મળવાપાત્ર રહેશે.

૪. શાળાના મકાનનો ઉપયોગ જ્યારે શૈક્ષણિક કે સામાજિક કાર્યો માટે-વેકેશન દરમ્યાન કે પ્રાસંગિક–કરવામાં આવે ત્યારે તેનાથી થતી આવકને મકાન ભાડા અનુદાન સહાયમાંથી બાદ કરવાની રહેશે નહિ.

## (ગ) અનુદાન સહાય માટે માન્ય ખર્ચની બાબતો :-

૧. આ સાથે જોડેલા અદ્યતન પરિશિષ્ટ – ક અને પરિશિષ્ટ – ખ માં જણાવેલી બાબતો અંગેનો ખર્ચ અનુદાન સહાયના હેતુઓ માટે સ્વીકાર્ય ગણવામાં આવશે.

૨. પરિશિષ્ટ – ક માં દર્શાવેલ માન્ય ખર્ચની બાબતોનો ખર્ચ, મળવાપાત્ર ઇત્તર ખર્ચની અનુદાન સહાયના ૬૫ % સુધી અનુદાન સહાય માટે ગ્રાહ્ય ગણવામાં આવશે.

૩. પરિશિષ્ટ – ખ માં દર્શાવેલ માન્ય ખર્ચની બાબતોનો ખર્ચ, મળવાપાત્ર ઇત્તર ખર્ચની અનુદાન સહાયના ૩૫ % સુધી અનુદાન સહાય માટે ગ્રાહ્ય ગણવામાં આવશે.

## (ઘ) અન્ય બાબતો :-

૧. જિલ્લા શિક્ષણાધિકારી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી કે મહાલેખાકારની કચેરીએ અનુદાન સહાયના હેતુ માટે જે તે બાબતોના ખર્ચને અમાન્ય ગણી ઓડીટ વાંધાઓ લીધા હશે તે બાબતોનો જો આ સાથેના પરિશિષ્ટમાં સમાવેશ થતો હોય તો આવા હુકમો અનુસાર તેવા વાંધાઓની પતાવટ કરવાની રહેશે.

૨. સામાન્યતઃ શાળાની શૈક્ષણિક તપાસની સાથોસાથ શાળાની અનુદાન સહાયની આકારણીની કાર્યવાહી કરવાની રહેશે. અને શાળાની વાર્ષિક તપાસણી પછી જ તૂર્ત જ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના સીનીયર ઓડીટરોએ ઓડીટનું કામકાજ હાથ ધરવું અને તે જ નાણાંકીય વર્ષમાં તે પૂરું કરવાનું રહેશે.

૩. ગુજરાત રાજ્ય દ્વારા ઓડીટની હાલની પ્રથા યથાવત રહેશે.

૪. આ ઠરાવની જોગવાઈઓ બિન સરકારી માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ઉત્તર બુનિયાદી વિદ્યાલયોને લાગુ પડશે.

૫. આ હુકમોનો અમલ ૧૯૮૭–૮૮ ના વર્ષથી કરવાનો રહેશે અને આમુખ (૫) અને (૭) માં દર્શાવેલ તા. ૧૪–૮–૮૭ અને તા. ૨૪–૧૦–૮૯ ના ઠરાવથી જે ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય, તે નવા હુકમો મુજબ મળવાપાત્ર અનુદાન સહાય સામે સરભર કરવાની રહેશે.

[નોંધ :– આ સાથે નીચે દર્શાવેલ પરિશિષ્ટ–ક અને પરિશિષ્ટ–ખ માં ખર્ચની વિગતના હેડઃ શાળાના સામાન્યતઃ વહીવટને અનુરૂપ (વર્ષાન્તે જે તે હેડે થયેલ ખરીદીના ટોટલ શાળામાં સામાન્ય રીતે રાખવામાં આવતા જે તે ડેડ સ્ટોક રજીસ્ટરોની તારીજ સાથે મેળવવાના હોય છે તેમજ વહીવટી સરળતા માટે વર્ષાન્તે અમુક ખર્ચ ખાતાઓનો અલગ ટોટલ મેળવવો જરૂરી હોય છે.) દર્શાવેલ છે. આથી આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો મૂળ ઠરાવને જ આધારભૂત ગણવો.]

---

પરિશિષ્ટ–ક

## –: ૬૫% ખર્ચ વિભાગ :–

૧. (a) ફર્નીચર સાધન ખરીદી :–

(૧) ડેસ્ક (૨) પાટલીઓ (૩) બ્લેક બોર્ડ (૪) ટેબલ્સ (૫) કબાટ (૬) ઘોડા અને ટ્રે (૭) નામ પટ્ટી (૮) ખુરશીઓ (૯) સ્ટુલ્સ (૧૦) પંખા અને છત પંખા (૧૧) ટાઇપ રાઈટર્સ, ડુપ્લીકેટીંગ મશીન જેવી કચેરી સાધન–સામગ્રી (૧૨) કુલર્સ (૧૩) સાયકલો (૧૪) દિવાલ ઘડિયાલ અને ટેબલ ઘડિયાલ (૧૫) શેતરંજી (૧૬) કેશ બોક્સ

(b) વિજ્ઞાન સાધન ખરીદી :– વૈજ્ઞાનિક ઉપકરણોની ખરીદી.

(c) વ્યાયામ સાધન ખરીદી :– વ્યાયામ શિક્ષણના ઉપકરણો, સ્કૂલ બેન્ડ વિગેરેની ખરીદી.

(d) ચિત્રકળા સાધન ખરીદી :– ચિત્રકામની સામગ્રીની ખરીદી.

(e) દ્રશ્ય–શ્રાવ્ય સાધન ખરીદી :– દ્રશ્ય–શ્રાવ્ય શિક્ષણના ઉપકરણોની ખરીદી.

(f) હાથ ઉદ્યોગ કાર્યાનુભવ સાધન ખરીદી :– હાથ ઉદ્યોગ શીખવવા માટેના સાધનો અને કાર્યાનુભવ વિષયને લગતા ઉપકરણોની ખરીદી.

(g) ટીચીંગ એઇડ ખરીદી :– નકશા, ચાર્ટસ, નમૂના વિગેરેની ખરીદી.

૨. મેડીકલ ચાર્જ ખર્ચ :– પ્રાથમિક સારવાર માટે જરૂરી સાધન–સામગ્રી, જેવી કે આયોડીન, બોરીક પાવડર વિગેરે. તેમજ વિદ્યાર્થીઓની તબીબી તપાસનો ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂા. ૨/– ની મર્યાદામાં.

૩. વિજ્ઞાન અને અન્ય વિષય કલબ ખર્ચ :– વિજ્ઞાન અને અન્ય વિષયની કલબોની આવર્તક બાબતો પરનું ખરેખર ખર્ચ.

૪. સ્કાઉટીંગ અને ગાઈડીંગ ખર્ચ – નીચેના ખર્ચાઓ આ બાબત હેઠળ આવરી લેવાશે.
(૧) શિબિર સાધન સામગ્રી, પુસ્તકો વિગેરેના ખર્ચા (૨) દરેક સ્કાઉટ માસ્ટર અને ગાઈડ કેપ્ટનના યુનિફોર્મની ખરીદી માટે વાર્ષિક રૂા. ૧૦૦/– ની મર્યાદાનો ખર્ચ. (૩) પૂર્ણકાલિન શિક્ષકને તેની ફરજો ઉપરાંતના સ્કાઉટ વર્ક માટે અપાતા મહેનતાણા અને ભથ્થાના ખર્ચા. આ માટે તેણે અઠવાડિયાનું ઓછામાં ઓછું ત્રણ તાસનું કામ કરેલ હોવું જોઈએ. આવુ મહેનતાણું દરેક કામના માસ માટે રૂા. ૫૦/– અને વાર્ષિક રૂા. ૬૦૦/– ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે (૪) આ મહેનતાણું વિદ્યાર્થીના ગાઈડ શિક્ષકને પણ મળવાપાત્ર રહેશે.

૫. વર્ક એકસ્પીરીયન્સ (કાર્યાનુભવ) ખર્ચ :– ખાતાની મંજૂરીને આધીન રહીને રાખવામાં આવેલ કાર્યાનુભવ માટેની સાધન–સામગ્રી, કાચી સામગ્રી, પુસ્તકો અને અન્ય પરચુરણ ખર્ચાનો આ બાબત હેઠળ સમાવેશ થશે.

૬. સહ અભ્યાસક પ્રવૃત્તિ ખર્ચ :– નીચેની બાબતો માટેના વ્યાજબી ખર્ચા (૧) અધ્યયન મુલાકાતો અને પર્યટનો (૨) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સમારોહ (૩) ખેલકુદ–રમતગમત, ખેલકુદ સ્પર્ધા, કસરત મંડળને અપાયેલ ફાળો અને ખેલકુદ સ્પર્ધા માટેની નોંધણી ફી નો સમાવેશ થશે. (૪) સલાહ અને માર્ગદર્શન (૫) શાળા સામયિક (૬) કોઇપણ પ્રસંગે અપાતો અલ્પાહાર વિદ્યાર્થી દીઠ રૂા. ૨/– ની મર્યાદામાં વર્ષમાં એકવાર મળવાપાત્ર રહેશે.

૭. (a) પુસ્તકાલય – પુસ્તક ખરીદી :– શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટેના ગ્રંથાલયના પુસ્તકોની ખરીદી
(b) પુસ્તક બાઈન્ડીંગ ખર્ચ :– શિક્ષક – વિદ્યાર્થી ગ્રંથાલયના પુસ્તકો માટે ખરેખર કરવામાં આવેલ બાઈન્ડીંગ ખર્ચ.

૮. ફર્નીચર અને સાધન સામગ્રી રીપેરીંગ ખર્ચ :– આ બાબતો પર કરવામાં આવેલ ખરેખર ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. આ અંગેના વાઉચરોમાં મરામત કરવામાં આવેલ વસ્તુઓ (અથવા તેના ડેડ સ્ટોક નંબર) અને દરેક વસ્તુ દીઠ ચૂકવવામાં આવેલ મજૂરી સ્પષ્ટ રીતે દર્શાવેલી હોવી જોઈએ. તેમજ વાઉચર ઉપર "સ્થાનિક દરોનું વ્યાજબીપણું તપાસીને આ ખર્ચ કરવામાં આવેલ છે." તેવું પ્રમાણપત્ર હેડ માસ્તરે આપવાનું રહેશે.

૯. સ્કોલરશીપ અને ઇનામ ખર્ચ :– શૈક્ષણિક વિષયમાં પ્રાવીણ્ય અને બીજી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે રોકડ અથવા વસ્તુ સ્વરૂપે અપાતા ઈનામોનો ખર્ચ.

૧૦. **ચિત્ર શિક્ષક બોનસ ખર્ચ :-** નીચેની શરતોને આધીન રહીને ચિત્ર શિક્ષકોને તેમના વધારાના મહેનતાણા પર બોનસ માટે શાળાએ કરેલ ખરેખર ખર્ચ મળવાપાત્ર રહેશે. (૧) જો ચિત્ર શિક્ષકે ઇન્ટર મિડીયેટ ડ્રોઇંગ ગ્રેડ એકઝામીનેશન માટે વધુમાં વધુ ૪૦ પરંતુ ૧૫ થી ઓછા નહિં તેટલા ઉમેદવારો તૈયાર કર્યા હશે તો રૂા. ૧૫૦/- સુધી મળવાપાત્ર રહેશે. પરંતુ ઉમેદવારો ૧૫ કરતાં ઓછા હશે તો બોનસ મળવાપાત્ર રહેશે નહિં. (૨) જો ૪૦ કરતાં વધુ ઉમેદવારો થાય તો પ્રમાણસરનું વધારાનું બોનસ મળવાપાત્ર રહેશે.

૧૧. **રજીસ્ટ્રેશન ફી ખર્ચ :-** ગુ. મા. શિ. બોર્ડ દ્વારા આ હેતુસર લેવામાં આવેલ ફી નો ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૨. **રેડ ક્રોસ-રોડ સેફ્ટી પ્રવૃત્તિ ખર્ચ :-** જુનિયર રેડ ક્રોસ પ્રાથમિક સારવાર, ગૃહ પરિચર્યા તાલીમ, નાગરિક સુરક્ષા અને માર્ગ સુરક્ષા ચોકીયાત પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાની વસ્તુઓ જેવી કે સાધનો, પુસ્તકો અને અન્ય પરચુરણ વસ્તુઓનો ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૩. **સહકારી વસ્તુ ભંડાર ખર્ચ :-** વિદ્યાર્થી સહકારી સ્ટોર્સનું સંચાલન કરતા શિક્ષકને આપવામાં આવતા ભથ્થાનો ખર્ચ (શાળાના ફંડમાંથી ચુકવવામાં આવેલ હોય તો) જો સ્ટોર નફાના ધોરણે ચાલતો હોય તો શિક્ષકને આ ભથ્થુ સ્ટોરના ફંડમાંથી ચુકવવુ (શાળામાંથી નહિ)

૧૪. **વર્કશોપ સેમીનાર ખર્ચ :-** જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષણ નિયામક, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કે શિક્ષણ વિભાગ જેવી અધિકૃત સત્તા કે વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓના આધારે ટૂંકા ગાળાના અભ્યાસક્રમો, કાર્યશાળા કે સેમીનાર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તો તેમાં હાજરી આપવાનો ખર્ચ

૧૫. **સેલ્સ ટેકસ-જનરલ ટેકસ ખર્ચ –** જરૂરી વાઉચરોના પુરાવાને આધિન આ પ્રકારનો કર ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૬. **નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ ખર્ચ :-** આ બાબતો પર કરેલ વ્યાજબી અને યોગ્ય ખર્ચ.

૧૭. **ન્યુઝ પેપર-સામાયિક ખર્ચ :-** આ બાબતો પર કરેલ વ્યાજબી અને યોગ્ય ખર્ચ.

૧૮. **પરીક્ષા ખર્ચ :-** શાળાની પરીક્ષાના પ્રશ્નપત્રોની છપાઇ, ઉત્તરવહીઓ અને અપેક્ષિતો પુરા પાડવા માટે કરેલ વ્યાજબી ખર્ચ

૧૯. **રમત ગમત મેદાન જાળવણી ખર્ચ :-** આ બાબત પર કરેલ વ્યાજબી અને યોગ્ય ખર્ચ.

૨૦. **રજા અવેજી શિક્ષક પગાર ખર્ચ :-** શિક્ષકની રજાના કારણે ખાલી પડેલ જગ્યા પરના અવેજી શિક્ષકની નિમણૂંકનો વધુમાં વધુ ત્રણ માસની મર્યાદામાં પગાર અને ભથ્થાનો સંપૂર્ણ ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. તા. ૨૩-૪-૮૨ ના ઠરાવના સુધારા મુજબ માન્ય પગાર અને ભથ્થા ખર્ચ પેટે મળવાપાત્ર રહે છે. (પરંતુ આ રકમ ઉપર ઈત્તર ખર્ચની ગ્રાન્ટ મળવાપાત્ર નથી.)

૨૧. **બેન્ડ માસ્ટર પગાર ખર્ચ :-** બેન્ડ માસ્ટર પ્રવૃત્તિ માટે બેન્ડ માસ્તરના પગાર અને ભથ્થાનો ખર્ચ માસિક રૂા. ૫૦/- અને વાર્ષિક રૂા. ૬૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

**પરિશિષ્ટ - ખ**

## -: ૩૫% ખર્ચ વિભાગ :-

૧. **પ્રિન્ટીંગ ખર્ચ :-** ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૮ હેઠળ અને શાળાકીય હેતુ માટે જરૂરી જુદા જુદા રજીસ્ટરની છપાઇ માટેનું ખર્ચ મળવાપાત્ર રહેશે. પરંતુ શાળાકીય પરીક્ષાને લગતી કામગીરી સિવાય.

૨. **સ્ટેશનરી ખર્ચ :-** નીચે જણાવેલ લેખન સામગ્રીની ખરીદી સાથેની બધી જ બાબતો જે શાળાકીય હેતુ માટે જરૂરી હોય.

૧. પેપર (કાગળ) ૨. પેન હોલ્ડર્સ ૩. બોલપેન ૪. નોટબુકસ ૫. રબ્બર ૬. પેન્સિલ ૭. હેન્ડ બેગ્ઝ ૮. ટેબલ ડાયરી ૯. ઈન્ક સ્ટેન્ડ ૧૦. ડસ્ટર્સ ૧૧. નીબ્સ ૧૨. બ્લોટીંગ પેપર ૧૩. ટાંકણીઓ ૧૪. ટેગ્ઝ ૧૫. પોર્ટફોલીયો ૧૬. પેડ ૧૭. કાતર ૧૮. પેન્ક નોબ્ઝ (પેકર) ૧૯. ટ્વીન્ટ (દોરી) ૨૦. સુતરી ૨૧. રબ્બર સ્ટેમ્પ ૨૨. ખાખી કાગળ ૨૩. ઘંટડી ૨૪. પેપર વેઇટ ૨૫. શાહી ૨૬. ફાઉન્ટન પેન શાહી ૨૭. ગુંદર ૨૮. પંચીંગ મશીન ૨૯. સ્ટેપલર મશીન ૩૦. સીલ કરવા અંગેની વસ્તુઓ ૩૧. ડુંગરી કાપડ ૩૨. કચરા ટોપલી ૩૩. ચોક સ્ટીકસ ૩૪. ફાઇલો ૩૫. સ્ટેમ્પ પેડ ૩૬. ઈરેઝયર ૩૭. કવર ૩૮. રબ્બર સ્ટેમ્પસ ૩૯. ટાઈપ અને સાયકલોસ્ટાઈલ કામ અંગેની સાધન સામગ્રી અને એવી લેખન સામગ્રી જેનો ઉપર્યુક્તમાં સમાવેશ થયો નથી.

૩. **પોસ્ટેજ ખર્ચ :-** શાળાકીય હેતુઓ માટે કરવામાં આવેલ ટપાલ ખર્ચ મળવાપાત્ર રહેશે.

૪. **જાહેરાત ખર્ચ :-** શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વર્તમાનપત્રોમાં આપેલ જાહેરાતનું ખર્ચ.

૫. **(a) કન્વેયન્સ (વાહન) ખર્ચ :-** આ હેઠળ નીચે જણાવેલ ખર્ચ માટે શાળા દાવો કરી શકશે. (૧) શાળાકીય હેતુ માટે ચેક વટાવવા અને બેન્કમાંથી રોકડ લાવવી અને શાળાકીય ટપાલની સ્થાનિક વહેંચણી માટેનું બસ ભાડુ અથવા સાયકલ ભાડાનું ખર્ચ મળવાપાત્ર રહેશે (૨) શાળાકીય સાધન સામગ્રી, ચોપડીઓ, ફર્નિચર, વૈજ્ઞાનિક સાધનો, વૈજ્ઞાનિક ઉપકરણોની ખરીદી માટે અને શાળાકીય હેતુ માટે જુદી જુદી સમિતિઓની બેઠકોમાં હાજર રહેવા માટે હેડ માસ્તર અને શૈક્ષણિક કર્મચારીગણને ચુકવવામાં આવેલ વ્યાજબી વાહન ખર્ચ.

**(b) આચાર્ય / કલાર્ક વાહન ખર્ચ :-** પોતાનું વાહન ધરાવતા આચાર્ય અથવા કલાર્કને શાળાકીય હેતુ માટે પોતાના વાહનનો ઉપયોગ કરેલ હોય તો વાર્ષિક રૂ. ૨૪૦૦/– (મેનેજમેન્ટ ઇચ્છે તો રૂ. ૩૬૦૦/–) ની મર્યાદામાં બળતણ અને નિભાવણીના કરેલ ખરેખર ખર્ચને ધ્યાને લઈને આપવામાં આવશે.

૬. **મુસાફરી ભથ્થાં ખર્ચ :-** આ હેઠળ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો સમાવેશ કરવાનો રહેશે. (૧) ચોપડીઓ, ફર્નિચર, વૈજ્ઞાનિક ઉપકરણો અને બીજી શાળાકીય સાધન સામગ્રીની ખરીદી જ્યારે સ્થાનિક બજારમાં મળતી ન હોય ત્યારે મળવાપાત્ર રહેશે. (૨) શાળાકીય ચેકને વટાવવાની સવલત સ્થાનિક રીતે ઉપલબ્ધ ન હોય ત્યારે મળવાપાત્ર રહેશે.

૭. **વિજળી ખર્ચ :-** વિજળીના ગોળા, ટ્યુબ વિગેરેની ફેરબદલી માટેનો આવર્તક ખર્ચ અને શાળાકીય હેતુ માટે વાપરવામાં આવેલ વિજળીનું બીલ–ખર્ચ આ હેઠળ મળવાપાત્ર રહેશે. પ્રયોગશાળાના હેતુ માટે ઇલેકટ્રીક ફીટીંગ્ઝના નાના ફેરફાર માટે કરવામાં આવેલ ખર્ચ મળવાપાત્ર રહેશે. (સંચાલક મંડળની કચેરીના ઉપયોગના સ્થળ અને છાત્રાલયનો વિજળી વપરાશ ખર્ચ તેમજ વિલંબીત ચુકવણા અંગેનો દંડ અને સ્થાપન ખર્ચ, ફીટીંગ ચાર્જ અનુદાન સહાય માટે પાત્ર રહેશે નહિ)

૮. **ઓડીટ ફી ખર્ચ :-** આ ખર્ચ નીચેના દરે અનુદાન સહાયને પાત્ર રહેશે,

| માન્ય ખર્ચ | હિસાબ તપાસણી ફીના દર | માન્ય ખર્ચ | હિસાબ તપાસણી ફીના દર |
|---|---|---|---|
| રૂ. ૫,૦૦૦/- સુધી | રૂ. ૭૫/– | રૂ. ૫૦,૦૦૦/–સુધી | રૂ. ૪૫૦/– |
| રૂ. ૧૦,૦૦૦/– સુધી | રૂ. ૧૦૦/– | રૂ. ૧,૦૦,૦૦૦/–સુધી | રૂ. ૫૦૦/– |
| રૂ. ૨૦,૦૦૦/– સુધી | રૂ. ૧૨૫/– | રૂ. ૨,૦૦,૦૦૦/–સુધી | રૂ. ૬૦૦/– |
| રૂ. ૩૦,૦૦૦/– સુધી | રૂ. ૧૫૦/– | રૂ. ૪,૦૦,૦૦૦/–સુધી | રૂ. ૭૦૦/– |
| રૂ. ૪૦,૦૦૦/– સુધી | રૂ. ૧૭૫/– | રૂ. ૫,૦૦,૦૦૦/–અને તેથી વધુ | રૂ. ૭૫૦/– |

[ખરેખર ચૂકવાયેલ ઓડીટ ફીની મર્યાદામાં]

૯. **મકાન (સામાન્ય) રીપેરીંગ ખર્ચ :-** જો ભાડાનું મકાન ન હોય તો શાળાના મકાનની સામાન્ય મરામત અંગેનું ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૦. **સફાઈ–સ્વચ્છતા ખર્ચ :-** સાવરણા, જંતુનાશક દવા અને કચરો વાળનારના પ્રાસંગીક મહેનતાણાનો ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૧. **માળી – બાગકામ ખર્ચ :-** ત્રિકમ, કોદાળી, પાવડા, જારી, વાંસ, કમ્પાઉન્ડ વોલની ટટયા, બાલદી, માટીના ઘડા, કુંડા, અમેલીયા કાતર, ખાતર, બીયારણ વિગેરેનો ખર્ચ મળવાપાત્ર રહેશે.

બગીચાને જાળવવા રાખેલ માળીના મહેનતાણાનો ખર્ચ પણ આ હેઠળ સમાવી લેવાનો રહેશે.

૧૨. **ધોલાઇ ખર્ચ** – ટેબલ કલોથ, તકીયા (ગાદી)ના કવર, શાળાના પડદા ધોવાનો ખર્ચ આ હેઠળ ઉધારવાનો રહેશે.

૧૩. **પાણી ખર્ચ :-** પીવાના પાણીની સવલત અંગેનો ખર્ચ માસિક રૂ. ૧૦૦/–ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

૧૪. **શૈક્ષણિક મંડળ લવાજમ ખર્ચ :-** વધુમાં વધુ ત્રણ શૈક્ષણિક અને વ્યવસાયિક મંડળની મર્યાદામાં વર્ષમાં એકવાર ખરેખર ચૂકવવામાં આવેલ લવાજમોનો ખર્ચ મળવાપાત્ર રહેશે.

૧૫. **કોન્ફરન્સ (પરિષદ) ખર્ચ :-** નીચે જણાવેલ ખર્ચ આ બાબત હેઠળ ઉધારવાનો રહેશે. એક વર્ષમાં વધુમાં વધુ ત્રણ પરિષદો માટેનો લવાજમ (ડેલિગેશન) ખર્ચ (લવાજમની જોગવાઈ મુજબ લવાજમ વધુમાં વધુરૂ. ૧૫૦/– મંજૂર કરવાનું રહેશે.) અને વધુમાં વધુ ત્રણ શાળાકીય પરિષદો માટેના શાળાના પ્રતિનિધિનો વાહન અથવા પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ.

૧૬. **કન્ટીજન્સી ખર્ચ .-** પડદાઓ, ટેબલ કલોથ, ખુરશીની ગાદીઓ, સાબુ, માટલા, પ્યાલા, પગલુછણીયા વગેરે જેવા આકસ્મિક ખર્ચાઓ.

૧૭. **પેન્શન અને ગ્રેચ્યુઇટી ખર્ચ :-** ટ્રસ્ટને તબદીલ કરાયેલ અસ્કયામતના ૪ % ની મર્યાદામાં આ અંગેનો વ્યાજબી ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે.

૧૮. **ટેલીફોન ખર્ચ :-** ટ્રંકકોલ સાથેના ટેલીફોન કોલનો ખર્ચ નીચે પ્રમાણે બે રીતે ગણવામાં આવશે.

(૧) કોલની સંખ્યા લક્ષમાં લીધા સિવાયનો નિયત ખર્ચ.

(૨) નિયત બાદ વત્તા કોલનો ખર્ચ.

(ક) ઉપર (૧) ની બાબતમાં નિયત ખર્ચના ચુકવણા માટે શાળા દ્વારા કરવામાં આવેલ ખરેખર ખર્ચ.

(ખ) ઉપર (૨) ની બાબતમાં આ અંગેનો ખર્ચ (ટ્રંકકોલ સિવાય) વાર્ષિક રૂા. ૫૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. શિક્ષણાધિકારીને ટ્રંકકોલની અનિવાર્યતાની પ્રતિતીને આધિન તે અંગેનો ખર્ચ મળવા પાત્ર રહેશે.

૧૯. (a) **બેન્ક કમીશન ખર્ચ :-** ડ્રાફ્ટ વિગેરેનું બેન્ક કમીશન ખર્ચ.

(b) **પટાવાળા ડ્રેસ ખર્ચ :-** બે વર્ષની નોકરી પૂર્ણ કરેલ વર્ગ – ૪ ના કર્મચારીને નિયમાનુસાર આપેલ ગણવેશ, ગરમ ગણવેશ, સેંડલ – ચપ્પલ, છત્રી વિગેરે અને ગણવેશની સિલાઈનું ખર્ચ.

(c) **પટાવાળા ડ્રેસ ધોલાઇ ભથ્થા ખર્ચ :-** બે વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તેને માસિક રૂા. ૧૫/-

(d) **પરચુરણ ખર્ચ :-** શાળાકીય હેતુ માટે પ્રસંગોપાત ટાઇપીંગ અને સાયક્લોસ્ટાઈલીંગ કામ અંગેનો ખર્ચ અને અન્ય પરચુરણ ખર્ચ.

૨૦. **વોચમેન પગાર ખર્ચ :-** માસિક રૂા. ૧૦૦/- ની મર્યાદામાં.

૨૧. **એર રાઇફલ શુટીંગ ખર્ચ :-** વ્યાજબી ખર્ચ.

૨૨. **વ્યાખ્યાતા મહેનતાણા ખર્ચ :-** (૧) આઝાદી અને યોગશાસ્ત્રને લગતા જ્ઞાન પ્રવચન આપનાર મહેમાન વ્યાખ્યાતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૫૦/- થી વધે નહિં તે રીતે મહેનતાણું આપવા અંગેનો વાર્ષિક ખર્ચ રૂા. ૪૫૦/- ની મર્યાદામાં માન્ય ગણાશે. (૨) આવા મહેમાન વ્યાખ્યાતાઓની એક પેનલ શિક્ષણ નિયામકશ્રીએ મંજૂર કરવી અને તે પેનલના જ વ્યાખ્યાતાઓ, કે જેઓ સ્વાતંત્ર્યની લડત કે અન્ય પ્રવૃત્તિ જેવી કે યોગ વિગેરે અંગે વિષય નિષ્ણાંત હોય તેવા જ, આવા પ્રવચનો આપી શકશે. (૩) એક જ મહેમાન વ્યાખ્યાતાને આવા પ્રવચનોનો લાભ મળે નહિં તે માટે દરેક વ્યાખ્યાતા માટે વાર્ષિક મહત્તમ ૯૦ પ્રવચનો અને રૂા. ૪૫૦૦/- ની મર્યાદા રહેશે.

નોંધ – શાળાએ તમામ પ્રકારની ખરીદી સરકારમાન્ય સંસ્થાઓ જેવી કે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, હેન્ડલુમ હાઉસ, લઘુ ઉદ્યોગો અથવા તો આ માટે સરકારે વખતોવખત માન્ય કરેલ સંસ્થાઓ વગેરે પાસેથી કરવાની રહેશે. જ્યારે ખરીદી રૂા. ૧૦૦૦/- થી વધની હોય ત્યારે ઓછામાં ઓછા ત્રણ ભાવપત્રકો મંગાવીને ખરીદી કરી શકાશે.

* * *